# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## એકમ કસોટી - 3 : 2020-21

**ધોરણ-9**

Time : 45 Minutes | **વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)** | Total Marks : 25

**સૂચના : આ પ્રશ્નપત્રમાં કુલ 6 પ્રશ્નો છે. જે તમામ ફરજીયાત છે. ઉત્તરો તમારી એકમ કસોટી નોટબુકમાં લખવાના છે.**

**પ્રશ્ન-1 નીચે આપેલ સાહિત્યકૃતિને તેના કર્તા સાથે યોગ્ય રીતે જોડો.** **3**

| | સાહિત્ય કૃતિ | | સાહિત્ય પ્રકાર |
|---|---|---|---|
| 1. | ગુર્જરીની ગૃહકુંજે | અ. | મનુભાઈ પંચોળી |
| 2. | ગોપાળબાપા | બ. | પૂજાલાલ |
| 3. | કામ કરે ઈ જીતે | ક. | સુન્દરમ |
| | | ડ. | નાથાલાલ દવે |

**પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર આપો.** **3**

1. ઑલિમ્પિકમાં કઈ સ્પર્ધા રાખવાનું લેખક સૂચવે છે ?
2. આપણો દેશ આપણી પાસે શું માંગી રહ્યો છે ?
3. ઘરનું છત્તર બનવું એટલે શું ?

**પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો. (કોઈપણ બે)** **4**

1. ગોપાળબાપાએ શિવાલયની પૂજા કરવાની ના કેમ પાડી?
2. કીડીઓના પરિવારની લેખકે કઈ ચિંતા વ્યક્ત કરી છે ?
3. ઘરની અડવી ભીંતો હવે શણગારથી કેમ શોભવા લાગી ?

**પ્રશ્ન-4 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. (કોઈપણ એક)** **3**

1. ગોપાળબાપાનું પાત્રાલેખન કરો.
2. અમરતકાકીએ દવાખાનામાં મંગુ માટે કરેલી ભલામણો નોંધો.

**પ્રશ્ન-5 માગ્યા મુજબ લખો.** **7**

1. નીચે આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો કૌંસમાં આપેલા શબ્દોમાંથી પસંદ કરો.
   (અ) ખમીર (હિંમત, તાકાત, મહિમા)
   (બ) મક્ષિકા (મચ્છર, ગિંગોડો, માખી)
2. નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો આપો.
   (અ) નૂતન
   (બ) મૂંગુ
3. નીચે આપેલા તળપદા શબ્દોના શિષ્ટ રૂપ આપો.
   (અ) મૈણું
   (બ) ઓચ્છવ
4. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
   (અ) પરણતી વખતે કન્યાને પહેરવાનું વસ્ત્ર

5. નીચેના વાક્યમાંથી વિશ.ેષણ શોધી પ્રકાર લખો.

(અ) વહાલાજીનું રૂપ મહાશુભકારી રસિયા વિણ કેમ રહીએ ?

6. નીચેના વાક્યમાંથી સર્વનામ શોધો.

(અ) એને વળી બીજે ખાજ લેવા જાવું પડશે ને ?

7. નીચે આપેલ શબ્દને ધાતુ પ્રત્યય લગાવી શબ્દ બનાવો.

(અ) ''ખાવુ'' ધાતુને ''ધ'' પ્રત્યય લગાવી નવો શબ્દ બનાવો.

**પ્રશ્ન-6 (અ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર આપો.** **2**

પિતા જ્યારે હોતા નથી
અને મા વધારે વૃદ્ધ થતી જાય છે
ત્યારે એની આંખમાંથી પ્રશ્ન ડોકાયા કરે છે.
''આ પુત્ર મને સાચવશે ખરો ?''
પણ એ શબ્દ બનીને હોઠ ઉપર નથી આવતો
આ એ પ્રશ્ન જ મા
જેણે મને ફૂલની જેમ સાચવ્યો.

પ્રશ્નો : 1. વૃદ્ધ થતી માતાની આંખમાંથી કયો પ્રશ્ન ડોકાયા કરે છે ?

2. મા એ દીકરાને શાની જેમ સાચવ્યો છે ?

**(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે 100 શબ્દોમાં નિબંધ લખો.** **3**

1. વાત્સલ્યમૂર્તિ મા

મુદ્દાઓ : પ્રસ્તાવના - માતા બાળકનું લાલનપાલન કરે - માતા બાળકનું ઘડતર કરે - માતાનો અવિચલ પ્રેમ - માતા વિના સૂનો સંસાર - ઉપસંહાર

**અથવા**

2. ગરવી ગુજરાત

મુદ્દાઓ : પ્રસ્તાવના - સ્થાન, પર્વતો નદીઓ, બંદરો, યાત્રાધામો - ગુજરાતની સંસ્કૃતિ - ગુજરાતના વેપારીઓ - ભાષા - ઉપસંહાર.

---------